અપીલ અરજી નં.૩૪૦ તા.૨૫–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી સંકેતકુમાર ઈશ્વરભાઈ પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન),

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંકેતકુમાર ઈશ્વરભાઈ પટેલની તા.૩૧/૧૨/૧૦ની અરજીથી મોજે મગદલ્લાના તારીખ ૬/૧૨ /૧૯૮૫ ના ઠરાવ નં. ૭ અને તારીખ ૧૮/૦૪/૨૦૦૬ ના ઠરાવ નંબર ૩ (૧૨) ની નકલ આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા. ૨૫/૧/૧૧ અપીલ અરજી નં.**SMC/FAP/** ૩૪૦/૨૦૧૦ – ૧૧.

શ્રી સંકેતકુમાર ઈશ્વરભાઈ પટેલની તા. ૩૧/૧૨/૧૦ ની અરજીથી મોજે મગદલ્લાના તારીખ ૬/૧૨ /૧૯૮૫ ના ઠરાવ નં. ૭ અને તારીખ ૧૮/૦૪/૨૦૦૬ ના ઠરાવ નંબર ૩(૧૨) ની નકલ આપવા બાબતે માંગેલ માહિતી ન આપેલ માહિતીનો જવાબ લેવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫/૧/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તેમજ અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૨૭૦ તા.૫–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન), તથા અરજદારને ઠરાવનં. ૩ (૧૨) તા. ૧૮–૪–૨૦૦૬ ના રોજ થયો હોવાના કોઈ આધાર હોય તો તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ફી ભરવા પાઠવેલ પત્ર, ભરેલ ફીની રસીદ તથા આપેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧–૩–૧૧ ના રોજ પૂરક પત્ર તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ જમીનોની આકારણીની યાદી બાબતેના નમુના–૮ ના પત્રકની નકલ, રજુ કરેલ છે.

અરજદારની તા.૩૧–૧૨–૧૦ ની અરજીથી મોજે મગદલ્લાના તારીખ ૬/૧૨ /૧૯૮૫ ના ઠરાવ નં. ૭ અને તારીખ ૧૮/૦૪/૨૦૦૬ ના ઠરાવ નંબર ૩ (૧૨) ની નકલ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)ને અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.વે.ઝોન (અઠવા) / આરટીઆઈ/આ. ૧૧૯૦ તા.૧૨–૧–૧૧ થી અરજી સંબંધમાં માહિતી પેટે નંગ–૩ ના પાનાદીઠ રૂા. ૨/– લેખે રૂા.૬/– ભરી માહિતી મેળવવા જણાવેલ છે. જે ના અનુસંધાને અરજદારે રસીદ નં.૬૯૫૦૦ તા.૧૯–૧–૧૧ થી ભરપાઈ કરેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૧૨૩૫ તા.૨૦–૧–૧૧ થી અરજદારને માંગવામાં આવેલ માહિતી અન્વયે આકારણી અને વેરાવસુલાત વિભાગની માહિતી એ/૪ સાઈઝ પાનાની નકલ પાના નંગ–૬ સમયમર્યાદામાં પુરી પાડેલ છે. જેમાં અરજદારે માંગેલ સા.સભાના ઠરાવ નં.૭ ની વિગતો પુરી પડાયેલ છે. જયારે તા.૧૮–૪–૦૬ ના ઠરાવ નં.૩(૧૨) બાબતે અરજદારને નમુના–૮ બેસાડવા લાયક ઈમારતો અને જમીનોની આકારણીની યાદીની અનુક્રમ નં.૬૨૦ માં આકારણીની વિગતો તથા તે અંગે આકારણીમાં થયેલા વધારા ઘટાડામાં તા.૧૮–૪–૦૬ ના ઠરાવ નં.૩/૧૨ મંજુર ઠરાવ જણાવતી વિગતો પુરી પડાયેલ છે. જે બાબતે અરજદારે ઠ.નં.૭ માં જમીનોની આકારણીની યાદી રજીસ્ટરની નકલ આપેલ છે. પરંતુ ઠ.નં.૩/૧૨ ની નકલ પુરી પડાયેલ નથી જેમાં અરજદારે ઠ.નં.૩/૧૨ ની નકલ ન આપવાથી તા.૨૫–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૧૨૭૦ તા.૫–૨–૧૧ થી સદર ઠરાવ બાબતે દફતરી હકીકતની સ્થિતી સ્પષ્ટ કરવા જણાવેલ પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી પુરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદારે પણ અરજી બાબતે હકીકતોની રજુઆત કરતો પત્ર તા.૧–૩–૧૧ ના રોજ જણાવેલ છે. જેમાં અરજદારે અઠવાઝોન તરફથી નમુના–૮ની આકારણીની યાદીની નકલ રજુ કરેલ છે. જેમાં આકારણી વધઘટ કરતી રીમાર્કસ દર્શાવેલ છે. પરંતુ અરજદાર પક્ષે કોઈ આધાર રજુ કરેલ નથી. જેમાં અરજદારે ઠરાવ મંજુર કરેલ છે. જે સાચુ છે તેવુ જણાવી ઠરાવની નકલની માંગણીને પુનઃ દોહરાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ દફતરી હકીકત સ્થિતિ અને ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પાડવાની રહે અથવા તો તેના નાશ અને નિકાલ અંગેની વિગતો જણાવવાની રહે. આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ ભૌતિક સ્વરૂપની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી તા.૧૮–૪–૦૬ ની ઠ. નં. ૩/૧૨ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી અંગે બાબત હેઠળની ઠરાવ બુકની નિર્દિષ્ટ સમયગાળાના ઠરાવો સબંધમાં દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ ૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી ભર્યેથી અત્રેની જાણ હેઠળ તપાસણી પુરી પાડવા તથા તપાસણી પ્રશ્ચાત અરજદાર માંગે તેવી નકલ મુળ માહિતી અરજીના નિર્દિષ્ટ મુદ્દા પુરતી નિયત ફી ભરપાઈ કરાવી પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સંકેતકુમાર ઈશ્વરભાઈ પટેલ